તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે માહે સપ્ટેમ્બર તા.૦૧ થી ૧૫/૦૯/૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
# જાહેર આરોગ્ય વિભાગ
# સ્વચ્છ ભારત અભિયાન
# <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૯/૧૭નાં રોજ તમામ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓનાં તમામ શિક્ષકો, કર્મચારીઓ અને તમામ વિધાર્થીઓને પ્રથમ દિવસે સ્વચ્છતા તેમજ સ્વચ્છ ભારત પખવાડાની ઉજવણી નિમીતે શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૧/૦૯/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય સ્ટાફ, શિક્ષકગણ તેમજ વિધાર્થીઓની સંયુકત ટીમો બનાવી દરેક શાળાઓમાં તમામ શિક્ષકો, કર્મચારીઓ તેમજ તમામ વિધાર્થીઓને શૈક્ષણિક સંસ્થાનાં કંપાઉન્ડમાં એકત્રીત કરી તા.૦૧/૦૯/૧૭નાં રોજ "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત માહે સપ્ટેમ્બર’ ૨૦૧૭નાં પ્રથમ પખવાડીયા દરમ્યાન સ્વચ્છતા તથા સ્વચ્છ ભારત પખવાડા ઉજવણી અંગેનાં એકશન પ્લાન મુજબ કાર્યક્રમો કરી શપથ લેવડાવવામાં આવેલ હતા.

| શપથ લેવડાવવામાં આવેલ શાળાઓની સંખ્યા | શિક્ષકો | વિધાર્થી | સુપરવાઈઝર |
|---|---|---|---|
| ૭૫ | ૨૧૬ | ૩૮૮૮ | ૮૧ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# :પ્રેસનોટ:

**સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) હેઠળના બાંધકામોના ઓર્ગેનાઈઝર/ડેવેલપર્સ બાંધકામની સાઈટ પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રિમાઈસીસમાં મચ્છરની ઉત્પત્તિ ન થાય તે મુજબ વી.બી.ડી.સી. વિભાગની કામગીરીમાં સહભાગી થવા કટિબધ્ધ:**

---

સુરત મહાનગરપાલિકા ના હદ વિસ્તાર સુરત શહેરમાં ચાલી આવેલ બાંધકામો ખાતે વસવાટ કરતાં મજુર વસાહત તેમજ આજુબાજુના રહેણાંક વિસ્તારના રહીશો મચ્છરજન્ય રોગો જેવાં કે મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાથી બચવા મે. કમિશ્નરશ્રી તરફથી બાંધકામોના ઓર્ગેનાઈઝર/ડેવેલપર્સને મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા તેઓએ લેવાં જોગ પગલાંથી માહિતગાર કરવા મૌખિક આદેશ આપેલ છે. સદર બાબત ધ્યાને લઈને આજરોજ તા.૦૪/૦૯/૨૦૧૭ના રોજ પૂર્વઝોન (વરાછા)ના ઝોનલચીફ અને એડીશનલ સીટી ઈજનેરશ્રી (સિવીલ)ની અધ્યક્ષતામાં પૂર્વઝોન(વરાછા)ના કોન્ફરન્સ હોલ ખાતે મિટીંગ/વર્કશોપનું આયોજન હાથ ધરવામાં આવેલ. જેમા, મચ્છરોના ઉત્પત્તિ સ્થાન, મચ્છરથી થતાં રોગો, તેના રોકથામ માટે લેવાં જોગ કાળજી સંબંધિત વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ. સદર મિટીંગ/વર્કશોપમાં હાજર બાંધકામ સાઈટના કુલ–૩૯ (ઓગણચાલીસ) જેટલાં પ્રતિનિધિઓ હાજર રહી પોતાની બાંધકામ સાઈટ ખાતે મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા તમામ પગલાં ભરવા ઉપરાંત તે બાબતેનું જોબકાર્ડ નિભાવણી કરવા તેમજ વસવાટી મજુરોને મચ્છરદાની સહિત સ્વાસ્થસંબંધી તમામ સુવિધા પૂરી પાડવા કટિબધ્ધ થયેલ છે.

૪૯૨

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને બી.આર.ટી.એસ. બસ તેમજ સીટીબસની સુવિધા પુરી પાડવામાં આવી રહેલ છે. તા.૦૫/૦૯/૨૦૧૭નાં રોજ ગણપતિ વિસર્જન યાત્રા અન્વયે પુરા શહેરમાં પોલીસ કમિશનરશ્રી નાં તા.૨૯/૦૮/૨૦૧૭નાં જાહેરનામાં ક્રમાંક ટ્રાફિક/ગણેશ વિસર્જન/૧૨૦૭૩/૨૦૧૭. તા.૨૯/૦૮/૨૦૧૭ અન્વયે શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા મુખ્ય માર્ગો તા.૦૫/૦૯/૨૦૧૭ નાં રોજ ગણપતિ વિસર્જન યાત્રા દરમ્યાન સવારે કલાક ૮:૦૦ થી ગણપતિજીની મૂર્તિ વિસર્જન કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી મુખ્ય માર્ગો વાહન વ્યવહાર માટે બંધ રહેશે. જેનાં અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી બી.આર.ટી.એસ. તેમજ સીટીબસ સેવા તા.૦૫/૦૯/૨૦૧૭ નાં રોજ બપોરે ૧:૦૦ વાગ્યા સુધી અંશત: કાર્યરત રાખવામાં આવશે. જે મુજબ ચોક ટર્મિનલ ઉપરથી કાર્યરત તમામ સીટીબસો રૂટો જેવા કે ચોક થી લક્ષ્મીધામ, ચોક થી ઉન ઇન્ડસ્ટ્રીઅલ, ચોક થી ડિંડોલી, ચોક થી ગોડાદરા ગામ, કતારગામ થી લિંબાયત, ચોક થી ગજેરા સર્કલ BRT, રેલ્વે સ્ટેશન લૂપ, ગોપીતળાવ થી કાપોદરા, પર્વત પાટિયા થી સરથાણા નેચર પાર્ક, પર્વત પાટિયા થી માનસરોવર સર્કલ(અમરોલી), ચોક થી થી ડુમ્મસ, રેલ્વે સ્ટેશન થી વેડ ગામ, મોટા વરાછા થી મીની બજાર, રેલ્વે સ્ટેશન થી આભવા ગામ, રેલ્વે સ્ટેશન થી પાલનપુર ગામ, ડિંડોલી થી યુનિવર્સીટી, રેલ્વે સ્ટેશન થી ખજોદ ગામ, રેલ્વે સ્ટેશન થી ડિંડોલી, અને રેલ્વે સ્ટેશન થી યુનિવર્સીટી ના સીટીબસ રૂટો તા.૦૫/૦૯/૨૦૧૭ નાં રોજ સંપૂર્ણ બંધ રહેશે.

જયારે હાલના કાર્યરત બી.આર.ટી.એસ. રૂટ તેમજ નીચે જણાવેલ સીટી બસના રૂટ બપોરે ૧:૦૦ વાગ્યા સુધી જે તે સમયની ટ્રાફિક સમસ્યાને ધ્યાને લઈ અંશત: ઓપરેટ કરવામાં આવશે.

(૧) રેલ્વે સ્ટેશન થી વિવેકાનંદ કોલેજ (૨) અમેઝીયા એમ્યુઝમેન્ટ પાર્ક થી ભેસ્તાન ગાર્ડન (૩) રેલ્વે સ્ટેશન થી કોસાડ ગામ (૪) રેલ્વે સ્ટેશન થી પાંડેસરા જી.આઈ.ડી.સી (૫) રેલ્વે સ્ટેશન થી ઓલપાડ (૬) રેલ્વે સ્ટેશન થી સાયણ (૭) અડાજણ જી.એસ.આર.ટી.સી. થી મોરા અને (૮) કડોદરા લુપ. જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવી.

તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે માહે સપ્ટેમ્બર તા.૦૧ થી ૧૫/૦૯/૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૪/૦૯/૧૭નાં રોજ ગ્રીન શાળા ઝુંબેશ અંતર્ગત તમામ શાળાઓનાં આયોજક દ્વારા મોટા ડસ્ટબીનો મુકાવી કચરાનાં નિકાલ માટે વાદળી અને લીલા રંગની ડસ્ટબીનનો ઉપયોગ કરવા શિક્ષણ અને રિસાઈકલ/અનરિસાઈકલ માટેનાં વર્ગીકરણ વિષે બાળકોને સમજણ આપવી તથા શાળા/કેમ્પસમાં ઝાડ/છોડવા રોપવવા અને નકામું વહી જતું પાણીનો ઉપયોગ બગીચામાં કરાવવા માટેની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૪/૦૯/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા આરોગ્ય સ્ટાફની ટીમો બનાવી ઝોનમાં આવેલ સરકારી/ખાનગી શાળાઓમાં આયોજકોનો સંપર્ક કર્યા બાદ સ્કુલમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને આ ટીમ દ્વારા સ્કુલનાં કેમ્પસમાં વાદળી અને લીલા રંગની ડસ્ટબીનો મુકાવી કચરામાં વર્ગીકરણ કરી સુકો/ભીનો કચરો અલગ–અલગ ડસ્ટબીનમાં એકત્રિત કરવા તથા કચરાનું રિસાઈકલ/અનરિસાઈકલ સીસ્ટમ અંગેની સમજ અને આરોગ્યલક્ષી શિક્ષણ આપવવામાં આવેલ ત્યારબાદ શાળાનાં કેમ્પસમાં ઝાડ/છોડ રોપવા અંગેની કાર્યવાહી કરી સ્કુલમાં વપરાશી પાણી નકામુ વહી જતું હોય સદર પાણીનો બગાડ અટકાવવા સ્કુલનાં કેમ્પસમાં વિવિધ સ્થળએ નીકો પાડી આ પાણી સ્કુલનાં બગીચામાં ઉપયોગમાં લઈ શકાય તે અંગેની કામગીરીઓ કરાવવામાં આવેલ હતી.

| સ્કુલની સંખ્યા | સુકા/ભીના કચરાનાં વર્ગીકરણ માટેની સમજણ | | ઝાડ/છોડ વાવવાની સંખ્યા |
|---|---|---|---|
| | શિક્ષકો/વહીવટકર્તા | વિધાર્થી | |
| ૩૪ | ૧૫૩ | ૪૯૭૩ | ૪૨ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

:: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૭ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે યોજાનાર સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનું આયોજન તા.૦૭/૦૯/૨૦૧૭ થી તા.૧૬/૦૯/૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા કુલ ૨૧ નાટ્ય સંસ્થાઓએ અરજી ફોર્મ ભર્યા હતા. સુરત મહાનગરપાલિકા આયોજીત નાટ્ય સ્પર્ધામાં વધુને વધુ ઉત્કૃષ્ઠ નાટકો ભજવાય તે હેતુસર નાટકોની સ્ક્રુટિનીનું આયોજન કરવામાં આવે છે તે મુજબ નાટકોની સ્ક્રુટિની તા.૧૧/૦૮/૨૦૧૭ થી તા.૧૩/૦૮/૨૦૧૭ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના પરફોમીંગ આર્ટ સેન્ટર, અડાજણ, ખાતે યોજવામાં આવી હતી. જેમાંથી ૧૦ નાટ્ય સંસ્થાઓની ફાઈનલ ભજવણી માટે પસંદગી કરવામાં આવી હતી. જે તા.૦૭/૦૯/૨૦૧૭ થી તા.૧૬/૦૯/૨૦૧૭ દરમ્યાન દરરોજ રાત્રે ૮.૩૦ કલાકથી નીચે મુજબના નાટકો સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે.

| ક્રમ | તારીખ | સંસ્થાનું નામ | નાટકનું નામ | દિગ્દર્શક |
|---|---|---|---|---|
| ૧ | ૦૭/૦૯/૨૦૧૭ ગુરૂવાર | પી. પી. એન્ડ ગ્રુપ | બુલેટ પ્રુફ | શ્રી સમીર મઠવી / શ્રી કુણાલ પારેખ |
| ૨ | ૦૮/૦૯/૨૦૧૭ શુક્રવાર | પ. ૨. મ | મસ્તરામ | ડો.પથેશ પંડિત |
| ૩ | ૦૯/૦૯/૨૦૧૭ શનિવાર | એક્ષપ્રેસન ગ્રુપ | બલી અને શંભુ | શ્રી વત્સલ શેઠ |
| ૪ | ૧૦/૦૯/૨૦૧૭ રવિવાર | ફોરમ આર્ટસ | અનન્યા | શ્રી વૈભવ દેસાઈ |
| ૫ | ૧૧/૦૯/૨૦૧૭ સોમવાર | અભિનવ | ખેલ ખેલમાં "અગનખેલ" | શ્રી પંકજ પાઠકજી |
| ૬ | ૧૨/૦૯/૨૦૧૭ મંગળવાર | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | બંધ હોઠોની વાત | શ્રી મેહુલ બી. શર્મા |
| ૭ | ૧૩/૦૯/૨૦૧૭ બુધવાર | બેકસ્ટેજ પ્રોડકશન, સુરત | ONLINE છું કારણ કે OUTLINE છું | શ્રી અભિષેક કર્ણીક |
| ૮ | ૧૪/૦૯/૨૦૧૭ ગુરૂવાર | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર | શ્રી દેવાંગ જાગીરદાર |
| ૯ | ૧૫/૦૯/૨૦૧૭ શુક્રવાર | ખયાલ થિયેટર | 'એ' નથી | શ્રી શૈલેન્દ્ર વડનેરે |
| ૧૦ | ૧૬/૦૯/૨૦૧૭ શનિવાર | બી. આર. પ્રોડકશન્સ | જીવવું તો જલસાથી | શ્રી રણધીરસિંહ |

આ નાટ્ય સ્પર્ધા વિનામૂલ્યે આમંત્રિતો માટે રાખવામાં આવેલ છે. પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં. વધુમાં નાટ્ય સ્પર્ધાના પ્રવેશપાસ રોજે રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવનની બુકીંગ ઓફિસ ખાતેથી સવારે ૧૧ થી ૧૨ કલાક દરમ્યાન મળી શકશે.

સમાચારયાદી નં. 0 4 9 5 [illegible] /૦૯/૨૦૧૭, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## " વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા મહીધરપુરા વિસ્તારમાં શંકાસ્પદ ચિકુનગુનીયાનાં કેસો સંદર્ભે કરવામાં આવેલ આરોગ્યલક્ષી કામગીરી "

વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા હાલમાં મહીધરપુરા વિસ્તારમાં શંકાસ્પદ ચિકુનગુનીયાનાં કેસો સંદર્ભે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

કુલ સર્વે ઘર – ૯૭૩૫

કુલ સર્વે સ્પોટ – ૩૧૯૪૧

મળેલ બ્રિડીંગ – ૪૦૨

લીધેલ સ્લાઈડ – ૧૧૯૭

નોટીસ – ૧૩૩

વહીવટી ખર્ચ – ૧૭૦૦

અબેટ ટ્રીટમેન્ટ – ૨૨૧૮

કાયમી બંધ ઘરોમાં આપલ નોટીસ – ૫૩, જેમાંથી ૩૧ નોટીસ રૂબરૂમાં આપવામાં આવેલ અને ૨૨ નોટીસો પંચનામું કરીને પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.વધુમાં, ૦૧ પ્લોટમાં રૂબરૂ નોટીસ આપીને વહીવટી ખર્ચ રૂા.૧૦૦૦ વસૂલ કરવામાં આવેલ છે અને ૦૬ પ્લોટોમાં નોટીસને પંચનામું કરીને પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેમજ ઝોનનાં ટેકનીકલ વિભાગ મારફત બિસ્માર મિલ્કતોનો સર્વે કરી નોટીસ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૪૯૭

**તા.૦૫/૦૯/૧૭નાં રોજ "ટીચર્સ ડે" નિમિત્તે માહે સપ્ટેમ્બર તા.૦૧ થી ૧૫/૦૯/૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવા બાબત.**

# સુરત [illegible]ાલિકા
# જાહેર આરોગ્ય વિભાગ
# સ્વચ્છ ભારત અભિયાન
# <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૬/૦૯/૧૭નાં રોજ શાળાનાં વિધાર્થીઓને સ્વાસ્થયલક્ષી નખ કાપવા અને જાળવવા આરોગ્યલક્ષી માર્ગદર્શન, જુનાં સાહીત્ય રેકર્ડની જાળવણી અને નિકાલ તેમજ નકામી વસ્તુઓ, તુટેલું ફર્નિચર વણવપરાયેલ સાધનો/વાહનો વિગેરે વસ્તુઓનો કેમ્પસમાંથી નિકાલ કરાવવા માટે જણાવવામાં આવેલ.

જે અંતર્ગત તા.૦૬/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા સુપરવાઈઝરની ટીમ બનાવી ઝોનમાં આવેલ તમામ સરકારી/અર્ધસરકારી સ્કુલોમાં આ ટીમ દ્વારા શાળામાં અભ્યાસકર્તા વિધાર્થીઓને સ્વાસ્થયની જાળવણી માટે નખ કાપવા અને જાળવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપ્યા બાદ સ્કુલ કેમ્પસની કચેરી તેમજ અન્ય જગ્યાએ રાખવામાં આવેલ વણવપરાયેલ સાધનો/વાહનો વિગેરે ચીજવસ્તુઓનો નિકાલ તેમજ જુનું સાહીત્યનાં રેકોર્ડની જાળવણી અને નિકાલ કરવા માટેનું શિક્ષણ/સમજ તેમજ માર્ગદર્શન આપ્યા બાદ શાળાનાં વિધાર્થીઓ/શિક્ષકગણ પાસે કાર્યવાહી કરાવવામાં આવેલ.

| સ્કુલની સંખ્યા | શારીરિક સફાઈમાં ભાગ લેનાર | | વણવપરાયેલ સાધનો/વાહનો તેમજ સાહીત્ય નિકાલ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| | વિધાર્થીઓ | શિક્ષકો/કર્મચારીગણ | | |
| ૮૮ | ૮૬૦૪ | ૬૫ | ૨૭ તેમજ બિન ઉપયોગી સાહિત્ય/પુસ્તક/સ્ટેશનરી નિકાલ | જુનાં સાહીત્ય અને રેકોર્ડ જાળવણી માટે વ્યવસ્થિત પેકીંગ કાર્યવાહી |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**સુરત મહાનગરપાલિકા**
**યુ.સી.ડી. વિભાગ**
**અખબારી યાદી**

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોન વિસ્તારમાં તા.૦૮/૦૯/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.

**વિષય :-** તા.૦૮/૦૯/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૧૧-મુગલીસરા-સૈયદપુરા-

કુબેરનગર,૧૨-સલાબતપુરા-નવાપુરા-મહિધરપુરા,૧૯-સગરામપુરા-રૂસ્તમપુરા-ઉધના,૨૦-સોનીફળિયા-

નાનપુરા-અઠવા, રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશાપુરા માતાના મંદિર પાસે, કડીવાલા હેલ્થ સેન્ટરની સામે,

રૂસ્તમપુરા, સુરત ખાતે યોજાનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૦૮/૦૯/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૧૧-મુગલીસરા-સૈયદપુરા-કુબેરનગર, ૧૨-સલાબતપુરા-નવાપુરા-મહિધરપુરા, ૧૯-સગરામપુરા-રૂસ્તમપુરા-ઉધના, ૨૦-સોનીફળિયા-નાનપુરા-અઠવા, રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશાપુરા માતાના મંદિર પાસે, કડીવાલા હેલ્થ સેન્ટરની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

# " વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા મહીધરપુરા વિસ્તારમાં શંકાસ્પદ ચિકુનગુનીયાનાં કેસો સંદર્ભે કરવામાં આવેલ આરોગ્યલક્ષી કામગીરી "

વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા હાલમાં મહીધરપુરા વિસ્તારમાં શંકાસ્પદ ચિકુનગુનીયાનાં કેસો સંદર્ભે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

કુલ સર્વે ઘર – ૧૯૩૬૩

કુલ સર્વે સ્પોટ – ૫૭૮૪૨

મળેલ બ્રિડીંગ – ૫૦૬

લીધેલ સ્લાઈડ – ૧૪૫૩

નોટીસ – ૨૪૬

વહીવટી ખર્ચ – ૧૭૦૦

અબેટ ટ્રીટમેન્ટ – ૫૬૫૩

સર્વે દરમ્યાન કાયમી બંધ ઘરો કુલ–૧૮૧ મળેલ હતાં.જેમાં કુલ–૧૪૯ ઘરોને નોટીસ આપવામાં આવેલ જેમાં ૯૭ નોટીસો રૂબરૂમાં અને ૫૨ નોટીસો પંચનામું કરીને પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. વધુમાં, ૧૪ પ્લોટમાં રૂબરૂ નોટીસ આપીને વહીવટી ખર્ચ રૂા.૧૦૦૦ વસૂલ કરવામાં આવેલ છે અને ૨૦ પ્લોટોમાં નોટીસને પંચનામું કરીને પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેમજ ઝોનનાં ટેકનીકલ વિભાગ મારફત બિસ્માર મિલ્કતોનો સર્વે કરી નોટીસ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.વધુમાં સમગ્ર વિસ્તારમાં ફોગીંગની કામગીરી કરાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાના કામ સારૂ મેગા ડિમોલીશનનું આયોજન કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં.૧૫૧, પ્લોટ નં.૬૭/એ નવજીવન ઈન્ડ. કો.ઓ.સર્વિસ સો.લી., ખટોદરા, સુરતવાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના હયાત ભોંયતળિયા તથા મેઝેમાઈન તથા એક માળની મિલ્કતની ઉપર વધારાના બીજા માળે આર.સી.સી.બાંધકામ કરતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૦૭/૦૯/૨૦૧૭** ના રોજ આશરે ૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૨) મોજે. ઉધના, ઉધના ઉદ્યોગનગર સંઘ, પ્લોટ નં.એ/૨૨/૨૦, એ/૨૨/૨૧, રોડ નં.૧૨, ઉધના, સુરતવાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના હયાત ભોંયતળિયા તથા બે માળની મિલ્કતમાં બીજા માળે વધારાનું આર.સી.સી.બાંધકામ કરતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૦૭/૦૯/૨૦૧૭** ના રોજ આશરે ૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૩) મોજે. ઉધના, ઉધના ઉદ્યોગનગર સંઘ, પ્લોટ નં.એ/૨૧/૨૫, રોડ નં.૬, ઉધના, સુરતવાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના હયાત ભોંયતળિયાના ભાગે વધારાનું ચણતરની દિવાલો સહિતનું બાંધકામ કરી દુકાનો બનાવવાના આશયથી લોખંડના રોલીગ શટર નાંખવામાં આવતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૦૭/૦૯/૨૦૧૭** ના રોજ આશરે ૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરની દિવાલો તથા લોખંડના રોલીગ શટર સહિતનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત મેગા ડિમોલીશનની કામગીરી દરમ્યાન મિલ્કતદારો પાસેથી કુલ **રૂા.૨,૧૦,૦૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.**

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૬દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૭ માં ૯મામેડીકલ કેમ્પ મળી કુલ ૧૩૪ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૭નો  દસમાં મેડીકલ કેમ્પતા.૦૯/૦૯/૨૦૧૭ને શનિવારનાં રોજ ઉન શહેરી આરોગ્ય કેન્દ્ર, સ્વપ્ન સૃષ્ટિ એપાર્ટમેન્ટની સામે, વખારીયા એસ્ટેટની પાસે, ઉન, સુરતખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે માહે સપ્ટેમ્બર તા.૦૧ થી ૧૫/૦૯/૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૦૭/૦૯/૧૭નાં રોજ શાળાનાં વિધાર્થીઓને જમતા પહેલા હાથ ધોવાની સાચી રીત તથા શાળાની નજીકનાં વિસ્તારનાં લોકોને સ્વચ્છતા માટે જાગૃત કરાવવા બાબતની ઝુંબેશ હાથ ધરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૭/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા સુપરવાઈઝરની ટીમ બનાવી ઝોનમાં આવેલ તમામ સરકારી/અર્ધસરકારી સ્કુલોમાં આ ટીમ દ્વારા શાળામાં અભ્યાસકર્તા વિધાર્થીઓને સ્વાસ્થયની જાળવણી માટે જમતા પહેલા હાથ ધોવા માટેની સાચી રીત વિધાર્થીઓને બતાવ્યા બાદ તે અંગેની સમજ અને આરોગ્યલક્ષી શિક્ષણ આપ્યા બાદ આ ટીમ દ્વારા શાળાની નજીકનાં વિસ્તારમાં વસવાટકર્તા લોકોને જાહેરમાં ગંદકી ન કરવા બાબતે તથા તેઓનાં ઘરની આજુબાજુ સ્વચ્છતા રાખવા તથા સુકા/ભીના કચરાનું વર્ગીકરણ કરી અલગ–અલગ ડસ્ટબીન રાખવા તેમજ ડોર ટુ ડોર વાહનને અલગ–અલગ કચરો આપવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ.

| સ્કુલની સંખ્યા | શિક્ષકો/કર્મચારીગણ | વિધાર્થીઓ | સ્કુલની આજુબાજુ વસવાટકર્તાઓને આરોગ્યલક્ષી શિક્ષણ/સમજ આપ્યા. |
|---|---|---|---|
| ૧૬૯ | ૧૮૩ | ૯૦૬૫ | ૭૧૨ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

:::::::::::::::::::::::::::::::::::::::::
સમાચાર યાદી નં. 0502
તા.૦૮/૦૯/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૧/૦૯/૨૦૧૭ થી તા.૦૭/૦૯/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૯૭૨ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૬૦ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૨૯ |
| ૪ | મેજર ઓપરેશન | ૦ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૦ |

## :: પ્રેસનોટ ::

### ''સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો શુભારંભ''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૦૯/૨૦૧૭ના રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે યોજાયેલ સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો શુભારંભ

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરતી આવી છે. શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનું આયોજન તા.૦૭/૦૯/૨૦૧૭ થી તા.૧૬/૦૯/૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા, સુરત ખાતે કરવામાં આવેલ છે.

આ ૪૫મી નાટ્ય સ્પર્ધાનો શુભારંભ તા.૦૭/૦૯/૨૦૧૭ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, મા.ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસક પક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, નિર્ણાયકશ્રી પ્રો.સોમેશ્વર ગોહેલ(અમદાવાદ), પ્રો. હરીશભાઈ વ્યાસ(વડોદરા), શ્રી અજયકુમાર વ્રજલાલ વ્યાસ(વડોદરા)ના હસ્તે દિપપ્રાગ્ટ્ય કરી કરવામાં આવ્યો હતો. આ ૪૫મી નાટ્ય સ્પર્ધાના નિર્ણાયકશ્રીઓનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આસી.મ્યુનિ.કમિશનરશ્રી કમલેશ નાયક અને એડી.સીટી ઈજનેર અને ઝોનલ ચીફશ્રી(વરાછા ઝોન) જે. એમ. દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. નાટ્ય સ્પર્ધાના પ્રથમ દિવસે સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે પી. પી. એન્ડ ગૃપ દ્વારા ''બુલેટ પ્રુફ'' નાટક રજુ થયું હતું. સસ્પેન્સ અને થ્રીલર દર્શાવતા આ નાટકને શહેરના નાટ્ય રસિક નગરજનોએ માંણ્યું હતું. હવે પછી નીચે મુજબના નાટકો દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે. **નાટ્ય સ્પર્ધાના પ્રવેશપાસ રોજે રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવનની બુકીંગ ઓફિસ ખાતેથી સવારે ૧૧ થી ૧૨ કલાક દરમ્યાન મળી શકશે. પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે મળશે. મોડા આવનારને પ્રવેશનો આગ્રહ રાખવો નહિં.**

**:: સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં હવે પછી રજુ થનાર નાટકો ::**

| ક્રમ | તારીખ | વાર | સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૦૮/૦૯/૨૦૧૭ | શુક્રવાર | પ. ૨. મ | મસ્તરામ |
| ૨ | ૦૯/૦૯/૨૦૧૭ | શનિવાર | એક્ષપ્રેસન ગૃપ | બલી અને શંભુ |
| ૩ | ૧૦/૦૯/૨૦૧૭ | રવિવાર | ફોરમ આર્ટસ | અનન્યા |
| ૪ | ૧૧/૦૯/૨૦૧૭ | સોમવાર | અભિનવ | ખેલ ખેલમાં ''અગનખેલ'' |
| ૫ | ૧૨/૦૯/૨૦૧૭ | મંગળવાર | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | બંધ હોઠોની વાત |
| ૬ | ૧૩/૦૯/૨૦૧૭ | બુધવાર | બેકસ્ટેજ પ્રોડકશન, સુરત | ONLINE છું કારણ કે OUTLINE છું |
| ૭ | ૧૪/૦૯/૨૦૧૭ | ગુરૂવાર | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર |
| ૮ | ૧૫/૦૯/૨૦૧૭ | શુક્રવાર | ખયાલ થિયેટર | 'એ' નથી |
| ૯ | ૧૬/૦૯/૨૦૧૭ | શનિવાર | બી. આર. પ્રોડકશન્સ | જીવવું તો જલસાથી |






સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૦૯/૨૦૧૭ના રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે આયોજીત ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો દિપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાવતા મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, મા.ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસક પક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, નિર્ણાયકશ્રી, અન્ય મહાનુભાવો તથા નાટક રજુ કરતા કલાકારો દ્રશ્યમાન છે.

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી વિભાગ

## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તારીખ:૦૮/૦૯/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.

વિષય : તા:૦૮/૦૯/૨૦૧૭ નાં રોજ સવારે ૦૮:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશાપુરા માતાના મંદિર પાસે, કડીવાલા હેલ્થ સેન્ટરની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.

રાજ્ય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકોપયોગી યોજનાઓ, પ્રવૃતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યનાં વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તારીખ:૦૮/૦૯/૨૦૧૭ ના રોજ સવારે ૦૮:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશાપુરા માતાના મંદિર પાસે, કડીવાલા હેલ્થ સેન્ટરની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા "સેવા-સેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. અને આંગણવાડીની બાળાઓ દ્વારા મહાનુંભાવોનું પુસ્તકથી સ્વાગત કરવામાં આવેલ. ધારાસભ્યશ્રી રણજીતભાઇ ગીલીટવાલા દ્વારા પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે, સેવા-સેતુ કાર્યક્રમ રાજ્ય સરકારનો સૌથી સફળ કાર્યક્રમ રહ્યો છે. માન. મુખ્યમંત્રીશ્રીનો છેવાડાનાં લોકોને લાભ આપવા આ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સરકારશ્રીની અનેક યોજનાઓને લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. અને લોકોની જરૂરીયાત સંતોષવા હંમેશા તૈયાર છે. સેવા સેતુમાં અનેક અરજીઓનો નિકાલ થતો

હોય છે. અને લાભાર્થીઓને જેતે યોજનાઓનો સિધો લાભ મળે છે. ડે. મેયરશ્રી શંકરલાલ ચેવલીએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે સરકારશ્રી દ્વારા સેવાસેતુના લાભો લોકો સુધી પહોંચવાનો અને કોઇ યોજનાથી વંચીત ન રહી જાય તે માટે સરકારશ્રી દ્વારા ત્રીજા તબક્કાનું આયોજન કરેલ છે જેના થકી લોકો વધુને વધુ લાભ લઇ શકે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માન. મેયરશ્રી શ્રીમતી અસ્મીતાબેન શીરોયા, ડે. મેયરશ્રી શંકરલાલ ચેવલી, આસી. કમિશ્નરશ્રી ગાયત્રીબેન જરીવાલા, ઝોનલ ચીફ ડી. સી. ગાંધી, સાંસ્કૃતીક ચેરમેનશ્રી શ્રીમતી રૂપલબેન શાહ, લાઇટ & ફાયર સમીતી ચેરમેનશ્રી પીયુષભાઇ શિવશક્તિવાલા, ધારાસભ્યશ્રી રણજીતભાઇ ગીલીટવાલા, મામલતદારશ્રી રબારીસર, કાર્યપાલક ઇજનેરશ્રી સુથારસર, કોર્પોરેટરશ્રી પ્રવિણભાઇ કદાર, કોર્પોરેટરશ્રી શ્રીમતી કિશોરીબેન કાપડીયા, કોર્પોરેટરશ્રી શ્રીમતી હેમલતાબેન અને કોર્પોરેટરશ્રી શ્રીમતી રેશ્માબેન લાપસીવાલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે તે મહેસુલ વિભાગ, જીલા ઉધોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ, આર.ટી.ઓ તથા સુરત મહાનગરપાલિકાનાં ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ વિભાગ, વિવિધ બેંકો શ્રમિક કલ્યાણ બોર્ડ, વગેરે દ્વારા કુલ ૧૭ ટેબલ અને ૬૦ કાઉન્ટર ગોઠવી જેમા દિવસ દરમ્યાન કુલ .......... લાભાર્થીઓએ આવકનો દાખલા, ક્રિમીલેયર સર્ટી, પંચનામા, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઇ બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી, માં વાત્સલ્ય, માં અમૃતમ કાર્ડ, જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ સેવાસેતુ કાર્યક્રમ"નાં આયોજનનો વિસ્તારના રહીશો દ્વારા ખુબજ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.


સુરત મહાનગરપાલિકા



તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે માહે સપ્ટેમ્બર તા.૦૧ થી ૧૫/૦૯/૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૮/૦૯/૧૭નાં રોજ શાળાનાં વિધાર્થીઓને વ્યકિતગત સફાઈની મહત્તા વિશે વિધાર્થીઓને અવગત કરવા તથા સ્વચ્છતા અને આરોગ્ય પરસ્પર કઈ રીતે સંકળાયેલા છે તે બાબતે સમજાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૮/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા સુપરવાઈઝરની ટીમ બનાવી ઝોનમાં આવેલ તમામ સરકારી/અર્ધસરકારી સ્કુલોમાં આ ટીમ દ્વારા શાળામાં અભ્યાસકર્તા વિધાર્થીઓને વ્યકિતગત સફાઈની મહત્તા વિશે તથા સ્વચ્છતા અને આરોગ્ય પરસ્પર કઈ રીતે સંકળાયેલા છે તે બાબતે વિધાર્થીઓને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપી વાકેફ કરવામાં આવેલ ત્યારબાદ વિધાર્થીઓને તેઓનાં ઘરોમાંથી નીકળતો સુકા/ભીના કચરાનું વર્ગીકરણ કરાવી તેનાં માટે અલગ–અલગ ડસ્ટબીનમાં એકત્રિત કરાવી ડોર ટુ ડોરનાં વાહનોને અલગ–અલગ આપવા માટેની સમજ પણ આપવામાં આવેલ.

| સ્કુલની સંખ્યા | શિક્ષકો/વિધાર્થીઓની સંખ્યા | સુપરવાઈઝર | વ્યકિતગત સફાઈની મહત્તા વિશે સમજ આપવામાં આવેલ નાગરીકોની સંખ્યા |
|---|---|---|---|
| ૭૦ | ૩૭૮૦ | ૭૦ | ૬૩૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

# <u>પ્રેસનોટ</u>

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૧૧/૦૯/૨૦૧૭ ના રોજ ઉધના –લિંબાયતને જોડતો રેલ્વે ફલાય ઓવર બ્રીજની ૨૧.૦૦ મી. લાઈનદોરીમાં નડતરરૂપ મકાનો દુર કરવાની કામગીરીની વિગત**

ટી.પી. સ્કીમ નં.૪૦ (લિંબાયત–ડીંડોલી), ફા.પ્લોટ નં.૧૯,૨૩,૨૪,૨૫,૨૬ ને લાગુ ઉધના લિંબાયતને જોડતો રેલ્વે ફલાય ઓવર બ્રીજની ૨૧.૦૦ મી. લાઈનદોરીમાં આવતાં અસરગ્રસ્ત કાચા–પાકા મકાનોનો સ્પોટ સર્વેમાં કુલે ૧૧૮ પૈકી ૮૧ રહેણાંક મકાનો, ૩૪ જેટલી દુકાનો તથા તબેલા ધરાવતાં વિસ્તારના કાચા–પાકા મકાનોને ડીમોલીશન કામગીરી કરવા માટે લિંબાયત ઝોન ધ્વારા માંગવામાં આવેલ પોલીસ બંદોબસ્ત સ્ટાફ આજ રોજ તા.૧૧/૦૯/૨૦૧૭ ના રોજ ફાળવતા સદર કામગીરી હાથ ઘરતા આશરે સ્થળ પર ૨૭ જેટલા મકાનોનો આશરે ૧૦,૦૦૦ ચો. ફુટ જગ્યાનો કબ્જો લેવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે અને હાલમાં બાકીની જગ્યાનો કબ્જો મેળવવાની કામગીરી ચાલુ છે. જેથી ઉધના લિંબાયતને જોડતો ફલાય ઓવર બ્રીજની કામગીરી ઉધના થી અટકેલ છે જે હવે ડીંમોલીશન થવાથી બ્રીજનું કામ આગળ થઈ શકશે જેથી લોકોને ગરનાળામાં થતી ટ્રાફિક સમસ્યાનો અંત આવી શકશે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના ડેપ્યુટી કમિશનરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર, ડેપ્યુટી ઈજનેરો, ટી.પી. ખાતાના ટાઉન પ્લાનર, ડેપ્યુટી ટાઉન પ્લાનર, સુપરવાઈઝર, લિંબાયત ઝોનનો સમગ્ર ટેકનીકલ સ્ટાફ, સુરત મહાનગરપાલિકાનો સીકયુરીટી સ્ટાફ, સુરત મહાનગરપાલિકાના બેલદાર, ખાનગી બેલદાર, ત્રણ જે.સી.બી, પાંચ ગાડી, વાયરમેન, જી.ઈ.બી.નો સ્ટાફ મારફત તથા ફળવાયેલ પોલીસ બંદોબસ્ત સ્ટાફને સાથે રાખી કામગીરી કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૯/૦૯/૧૭ તથા તા.૧૦/૦૯/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ સુરત–ડુમસ રોડ પર જાહેરમાં ખાણીપીણીનું વેચાણ કરતા લારીઓ તથા થ્રી–વ્હીલર/ફોર વ્હીલર વાહનોમાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરવામાં આવે છે. જેનાથી રાત્રિના સમયે સદર રસ્તા પર ટ્રાફિકની પુષ્કળ સમસ્યા ઉદભવે છે તથા અકસ્માતના બનાવો બનતા હોવાનું ધ્યાન પર આવતાં તા.૦૯/૦૯/૧૭ ના રોજ રાત્રિના સમયે ઝુંબેશ હાથ ધરી કુલ–૪૭ લારીઓ, ૪ ખાણીપીણીની વસ્તુઓનું વેચાણ કરતા વાહનો તથા ૫૨ અન્ય વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ. તેમજ તા.૧૦/૦૯/૧૭ ના રોજ ઉધના–મગદલ્લા રોડ પર પણ ઉપર મુજબની ઝુંબેશ હાથ ધરી કુલ–૨૩ લારી તથા ૪ ખાણીપીણીની વસ્તુઓનું વેચાણ કરતા વાહનો જપ્ત કરવામાં આવેલ છે. વધુમાં આવનાર દિવસોમાં પણ આ પ્રકારની કામગીરી ઝુંબેશના સ્વરૂપે ચાલુ રાખવામાં આવનાર છે.
- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ઉમાભવન સામે જાહેર રસ્તા ઉપર ફેરીયાઓ શાકભાજી તથા ફળોના વેચાણ માટે ઉભા રહી/પાથરણાં કરી ગેરકાયદેસરના દબાણો ઉભા કરવામાં આવેલ. જેને કારણે સદર રસ્તા ઉપર ટ્રાફિક જામથી જાહેર જનતાને અવરજવરમાં ખુબ અગવડ પડતી હોય તથા અકસ્માત થવાના તેમજ આજુબાજુમાં રહેતા લોકોને ન્યુસન્સ થતું હોવાથી સદર ગેરકાયદેસર ભરાતી શાકમાર્કેટને હટાવવા અવારનવાર ફરીયાદો મળતી રહે છે. જેથી સદર જગ્યાએથી ઉકત પ્રકારના દબાણ અત્રેથી અવારનવાર હટાવવામાં આવે છે. જે મુજબ તા.૦૯/૦૯/૧૭ નાં રોજ ૧૫ કેરેટ ફળ તથા શાકભાજી તથા અન્ય પરચુરણ સામાન જપ્ત કરવામાં આવેલ છે. સદરહુ કામગીરી દરમ્યાન કુલ્લે રૂા.૧૩૦૦૦/– નો દંડ વસુલ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી તેમજ પોલીસ ઈન્સ્પેકટર(ઉમરા)ના સીધા માર્ગદર્શન હેઠળ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ તેમજ ઉમરા પોલીસ સ્ટેશનના સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાની મ્યુ.કોર્ટમાં તા.૦૯/૦૯/૨૦૧૭ નાં રોજ લોક અદાલત રાખવામાં આવેલ. જેમાં ૫૬ કેસ પી.એફ.એ. / ફૂડનાં તથા ૧ મ્યુ.કેસ મળી કુલ ૫૭ કેસોનાં કુલ ૧૮૯ આરોપીઓએ ગૂનાની કબુલાત કરેલ છે અને મ્યુ.કોર્ટનાં જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, જડજ શ્રી વી.કે. બંસલ ધ્વારા કુલ રૂા. ૭,૫૨,૨૦૦/– દંડની વસુલાત કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>
## પૂર્વ ઝોન (વરાછા)
## સુરત મહાનગરપાલિકા

પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં ઠેર–ઠેર જાહેર રસ્તા પર પ્રતિબંધીત માવાના કાગળ ઉડતા હોવાની તથા ચા ના પ્લાસ્ટિકના કપનો વપરાશ વધી ગયેલ હોવાની ફરીયાદો મળતા પૂર્વઝોન (વરાછા) ના આરોગ્ય વિભાગ દ્વારા તમામ વોર્ડ ઓફિસના વિસ્તારમાં તા.૦૭/૦૯/૧૭ થી તા.૧૧/૦૯/૧૭ સુધી દૈનિક ધોરણે સઘન પ્લાસ્ટિક ઝુંબેશ કરવામાં આવેલ. જેમાં તમામ મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનિશ આરોગ્ય નિરીક્ષકો એ પોતાના વોર્ડ વિસ્તારમાં સઘન કામગીરી કરાવેલ. જેમા પાનના ગલ્લા તથા પ્લાસ્ટિક વેચાણ કરતી સંસ્થાઓ પાસેથી પ્રતિબંધીત પ્લાસ્ટિક , ખાસ કરીને માવાના પ્લાસ્ટિક, ચાની દુકાનો અને લારીઓ વાળા તથા વેચાણ કરતી સંસ્થાઓ પાસેથી પ્રતિબંધીત પ્લાસ્ટિકના ચા ના કપ જપ્ત કરી, વહીવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

જે અંતર્ગત તા.૦૭/૦૯/૧૭ થી તા.૧૧/૦૯/૧૭ કુલ ૬૭૬ સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે. તે પૈકી માવાના કાગળ પ્લાસ્ટિક તથા ચા ના પ્લાસ્ટિકના કપનો વપરાશ કરતા કુલ ૪૧૩ ઈસમો પૈકી ૭૩ નોટીસ આપી રૂા.૧,૧૧,૭૫૦/– (અંકે એક લાખ અગ્યાર હજાર સાતસો પચાસ પૂરા) પરચુરણ વહિવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તથા કુલ ૩૨૭ કિ.ગ્રા. પ્લાસ્ટિક તથા ૨૭,૫૦૦ નંગ પ્લાસ્ટિકના ચા ના કપ જપ્ત કરવામાં આવેલ છે. તેમજ જપ્ત કરેલ પ્લાસ્ટિકનો જથ્થો સુરત મહાનગરપાલિકા દ્વારા નિયુકત કરેલ ઈજારદારને આપવામાં આવશે.

૫૧૧

## :: પ્રેસનોટ ::

### ''સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે યોજાયેલ સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનું આયોજન તા.૦૭/૦૯/૨૦૧૭ થી તા.૧૬/૦૯/૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિવર્ષ યોજાતી આ નાટ્ય સ્પર્ધાનો શુભારંભ તા.૦૭/૦૯/૨૦૧૭ના રોજ પી. પી. એન્ડ ગૃપ સંસ્થાના સસ્પેન્સ અને થ્રીલર દર્શાવતા 'બુલેટ પ્રુફ' નાટકથી થયો હતો. તા.૦૮/૦૯/૨૦૧૭ના રોજ ૫. ૨. મ. સંસ્થાનું છ ફુટના સસલાના દેખાવાને કારણે પરિવારમાં ઉદ્દભવેલી મુશ્કેલીઓને રજુ કરતું 'મસ્તરામ' નાટક ભજવાયું હતું. તા.૦૯/૦૯/૨૦૧૭ના રોજ એક્ષપ્રેસન સંસ્થાનું વૃધ્ધાશ્રમમાં રહેતા, માન્યતાઓ અને અભિપ્રાયની કેદમાં ભીડાયેલ અને એકલતામાં જીવી રહેલ વ્યકિતઓની વેદના દર્શાવતું 'બલી અને શંભુ' નાટક ભજવાયું હતું. તા.૧૦/૦૯/૨૦૧૭ના રોજ પતિ, પત્ની અને દિકરીની દુનિયામાં પત્નીની ગેરહાજરીથી પિતા માટે વિશ્વ સમાન પુત્રીના વિરહ અને પિતા–પુત્રીના વાત્સલ્ય પ્રેમને દર્શાવતું 'અનન્યા' નાટક ભજવાયું હતું. સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે ભજવાયેલા આ નાટકોને શહેરના નાટ્ય રસિક નગરજનોએ રસપૂર્વક માંણ્યા હતા. હવે પછી નીચે મુજબના નાટકો દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે. **નાટ્ય સ્પર્ધાના પ્રવેશપાસ રોજે રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવનની બુકીંગ ઓફિસ ખાતેથી સવારે ૧૧ થી ૧૨ કલાક દરમ્યાન મળી શકશે. પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે મળશે. રાત્રે ૯.૧૫ પછી કોઈ પણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહિં. મોડા આવનારે પ્રવેશનો આગ્રહ રાખવો નહિં.**

**:: સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં હવે પછી રજુ થનાર નાટકો ::**

| ક્રમ | તારીખ | વાર | સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૧૧/૦૯/૨૦૧૭ | સોમવાર | અભિનવ | ખેલ ખેલમાં ''અગનખેલ'' |
| ૨ | ૧૨/૦૯/૨૦૧૭ | મંગળવાર | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | બંધ હોઠોની વાત |
| ૩ | ૧૩/૦૯/૨૦૧૭ | બુધવાર | બેકસ્ટેજ પ્રોડકશન, સુરત | ONLINE છું કારણ કે OUTLINE છું |
| ૪ | ૧૪/૦૯/૨૦૧૭ | ગુરૂવાર | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર |
| ૫ | ૧૫/૦૯/૨૦૧૭ | શુક્રવાર | ખયાલ થિયેટર | 'એ' નથી |
| ૬ | ૧૬/૦૯/૨૦૧૭ | શનિવાર | બી. આર. પ્રોડકશન્સ | જીવવું તો જલસાથી |





સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૭ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે આયોજીત ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં નાટક રજૂ કરતા કલાકારો તથા નાટ્યપ્રેમી નગરજનો દ્રશ્યમાન છે.

# પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત** :–

સાઉથ ઝોન(ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો જેવા કે પાંડેસરા, ભેદવાડ, પાંડેસરા જી.આઈ.ડી.સી., ભગવતી નહેર, ગોરજીવાલા ઈન્ડ., ઉન સચિન બ્રીજ પાસે ચાલતા બોરવેલ/બોરીંગ દુર કરવાની કામગીરી તા.૨૨/૦૬/૨૦૧૭ રોજ કરી રૂા.૧,૬૦,૦૦૦/–નો દંડ વસુલ કરવામાં આવેલ. ત્યારબાદ ફરી આ વિસ્તારોમાં ઉપરોક્ત મિલ્કતદારો ધ્વારા ફરી ગેરકાયદેસર બોરીંગ શરૂ કરી ભૂર્ગભ જળ સંપતિ તેમજ સુરત મહાનગરપાલિકાના રસ્તા પર ટેન્કરો દોડાવીને પારાવાર નુકશાન પહોંચાડી રહયા હોય, મે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે મા.ઝોનલ ચીફ તથા ઝોનલ ઓફિસરશ્રીના માર્ગદર્શન હેઠળ તા.૨૨/૦૮/૨૦૧૭ ના રોજ બોરવેલ/બોરીંગ દુર કરવાની કામગીરી અત્રેના શહેરી વિકાસ ખાતા, દબાણ ખાતા તેમજ ઈલેકટ્રીક વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે. જેમાં કુલ **બોરીંગ નંગ–૧૯** દુર કરી બોરીંગ મટીરીયલ્સ સીલ કરવામાં આવેલ છે. ત્યારબાદ આજ રોજ તા.૧૧/૦૯/૨૦૧૭થી કાર્યપાલક ઈજનેરશ્રીના કચેરી હુકમ અન્વયે શહેર વિકાસ વિભાગનો સ્ટાફ, પાણી ખાતાનો સ્ટાફ, સ્ટ્રોર્મ ડ્રેનેજ વિભાગનો સ્ટાફ, દબાણ વિભાગનો સ્ટાફ, ઈલેકટ્રીક વિભાગનો સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાની સિકયોરીટી મળી **કુલ–૪૮** સ્ટાફની મદદથી ઉપરોકત વિસ્તારોમાં આવેલ **કુલ બોરીંગ નંગ– ૪૨** અત્રેથી બંધ કરી સીલ કરવામાં આવેલ છે.

૫૧૩

## <u>પ્રેસનોટ</u>

## <u>સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગીય વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશમાં ખુલ્લા પ્લોટ ધરકો, બાંધકામો તેમજ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર માંથી ૮૫,૫૦૦/- વસુલ લેવમાં આવેલ વહીવટી ખર્ચ બાબતની અખબારી યાદી :</u>

સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર તા.૧૧/૦૯/૧૭ થી તા.૧૨/૦૯/૨૦૧૭ દરમ્યાન મચ્છર જન્ય પરિસ્થિતિના અટકાયતના ભાગરૂપે અઠવાઝોનના વી.બી.ડી.સી.વિભાગ જુદી જુદી સંસ્થાઓ, બાંધકામ, ખુલ્લા પ્લોટો તેજમ ઈન્ડસ્ટ્રીઝ ચેક કરતાં તેમજ ઈન્ટ્રા ડોમેસ્ટક સર્વે અને પેરાડોમેસ્ટીક સર્વે દરમ્યાન મચ્છરની ઉત્પતિ / મચ્છરની ઉત્પતિ થવાની સંભાવનાં જોવા મળેલ હતી, તેવા સ્થળોએ જંતુનાશક દવા છંટકાવ કરાવવામાં આવેલ તેમજ હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને રાખી મેલેરીયા/ડેંગ્યુ/ચિકનગુનિયા અને સ્વાઈનફલુ જેવા રોગોની અટકાયતીના ભાગરૂપી ઝુંબેશ હાથધરી સર્વેલન્સની કામગીરી તેમજ સુપરવીઝન કામગીરી સઘન બનાવી જાહેર જનતાના આરોગ્યને હિતને ધ્યાને રાખી વિવિધ આરોગ્યલક્ષી કામગીરી પણ કરવામાં આવી તેમજ સર્વે દરમ્યાન મળી આવેલ ક્ષતીઓ બાબતે નીચે મુજબના ઈસમો પાસેથી કુલઃ- ૮૫,૫૦૦/- જેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

**ખુલ્લા પ્લોટઃ**- મેઘમયુર રીયાલીટી પ્રા.લી., સમૃધ્ધી કોર્પોરેશન, રત્ન ભુમી અણુવ્રત દ્વાર

**બાંધકામઃ**-એવન્યુ ૭૭ બાંધકામ, જે-૯ શોપીંગ સેન્ટરનું બાંધકામ, સેવન હોમનું બાંધકામ, સુમેરૂ રેસી.વેસુ, આયકર ભવનનું બાંધકામ મગદલ્લા, પ્લોટ નં. ૦૧,૦૨,૦૩,૦૪,૧૪ ક્રિષ્ના પ્લોટ, પીપલોદના બાંધકામ, બેલાકાસા બાંધકામ ભીમરાડકેનાલ રોડ, ઉમિયા બંગલો-૨ વી.આઈ.પી.રોડ ભરથાણાં, અવધ ઓરલેનાં બાંધકામ અઠવા

**ઈન્ડસ્ટ્રીયલઃ**- એ-૨૩, ગીરધર ઈન્ડ-૨ નેહા ક્રિએશન, કિશોરભાઈ પુનમચંદ મશુરવાલા એ.કે.ઈન્ડ., રવિફુડનાવાલા ૬૪- એ.કે.ઈન્ડ., ધનસુખલા કાલીદાસ, રાજેશભાઈ મસ્કરા, અંબિકા ઈન્ડ, મંજુ ડાઈગ મીલ, વેલોબા ટાઈલ્સ ૯૬-રાધાકૃષ્ણ ઈન્ડ તેમજ સત્યનારાયણ ઈન્ડ ભટાર.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી બાંધકામના તમામ મજુરોને મચ્છરદાની પુરી પાડવા અંગે ઓર્ગેનાઈઝોને આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને બી.આર.ટી.એસ. બસની સુવિધા પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબ જ અસરકારક લાભ લેવામાં આવી રહેલ છે જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. શહેરના નાગરિકો તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા બસની સુવિધા સુરત એરપોર્ટ સુધી શરૂ કરવા અંગે સુચન કરવામાં આવેલ જેના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત એરપોર્ટથી પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધા મળી રહે તે માટે હાલમાં સુરત એરપોર્ટથી ONGC કોલો ની બી.આર.ટી.એસ. સુધી એ.સી. બસની શટલ બસ સર્વિસ તા. ૧૩/૦૯/૨૦૧૭ ના રોજ મા. મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાના વરદ્ હસ્તે ફ્લેગ ઓફ કરી શુભારંભ કરવામાં આવનાર છે.

ભવિષ્યમાં નાગરિકોના બસ સેવાનો લાભ લેવા અંગેના પ્રતિસાદ અને માંગણીને ધ્યાનમાં રાખી શહેરના વિવિધ વિસ્તારો સાથે સુરત એરપોર્ટ ને સાંકળતી બસ સેવા શરૂ કરવામાં આવશે.

# **<u>પ્રેસ નોટ</u>**

**માહે ઓગસ્ટ ૨૦૧૭ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

**સ્મીમેર હોસ્પીટલમાં માહે ઓગસ્ટ ૨૦૧૭ દરમ્યાન ૬૩૦૧ ઈન્ડોર તથા ૬૦૨૧૯ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના <u>૩૪૪૬</u> તથા <u>૭૮૬</u> મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૫૨૦૬ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા.ટી.બીના નવા ૭૫૫ અને જુના ૧<u>૫૮૩</u> દર્દીઓ સહીત કુલ <u>૨૩૩૮</u> દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ <u>૧૩૭૪</u> દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ <u>૧૦૧૮</u> તથા આંખ વિભાગમાં <u>૩૨૨૧</u> આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી વિભાગમાં કુલ ૨<u>૧૮૩૨</u> દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.**

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૨/૦૯/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના અલથાણ–ભટાર વિસ્તારમાં આવેલ પ્રિ.ટી.પી.સ્કીમ નં.૨૮ (અલથાણ–ભટાર)માં ટી.પી.સ્કીમ અન્વયે મૂળખંડ નં.૫૯/એ ટી.પી.રસ્તા પૈકીની જગ્યામાં આમેજ થઈ ગયેલ છે. જેનાં બદલામાં મૂળખંડ નં.૫૯/એ ના માલિકો મૂળખંડ નં.૬૦/એ માંથી ફા.પ્લોટ નં.૧૯ ફાળવવામાં આવેલ પરંતુ સદરહુ ફા.પ્લોટ નં.૧૯ વાળી જગ્યામાં ત્રાહિત વ્યકિતઓ દ્વારા બિનઅધિકૃત અમલા/કાચા પાકા દબાણો કરી કબજો કરવામાં આવેલ હતો. જે આજરોજ મૂળ માલિકોને દબાણરહિત ખુલ્લો શાંત, પ્રત્યક્ષ કબજો સુપ્રત કરવામાં આવેલ છે.

  ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ તેમજ ખટોદરા પોલીસ સ્ટેશનના સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સ્કોચ–સ્માર્ટ સીટી એવોર્ડઝ–૨૦૧૭ અંતર્ગત વિવિધ કેટેગરી પૈકીની કેટેગરીઓમાં એવોર્ડ મેળવવા સુરત મહાનગરપાલિકા દ્વારા નોમિનેશન્સ મોકલવામાં આવેલ હતા. જે અંગે તા.૧૯/૦૬/૨૦૧૭ ના રોજ આ અંગેની કમિટિ/જયુરી સમક્ષ વિસ્તૃત પ્રેઝન્ટેશન કરવામાં આવેલ હતુ. ત્યારબાદ સુરત મહાનગરપાલિકા દ્વારા મોકલવામાં આવેલ નોમિનેશન્સ પૈકી નીચેની વિગતના નોમિનેશન્સ ને એવોર્ડ માટે પસંદ કરવામાં આવેલ હતા.

**(અ) ટોપ–૫૦ સ્માર્ટ સીટીઝ પ્રોજેકટ્સ ઈન ઈન્ડીયા**

| | એવોર્ડ | કેટેગરી |
|---|---|---|
| (૧) | વોટર કન્ઝર્વેશન ઈન વોટર સપ્લાય સિસ્ટમ(વેલજીભાઈ) | સ્કોચ સ્માર્ટ સીટી એવોર્ડ(ઓર્ડર ઓફ મેરીટ્સ) |
| (૨) | પ્રોસેસીંગ એન્ડ ડીસ્પોઝલ ઓફ ઓર્ગેનિક અર્બન સોલિડ વેસ્ટ યુઝીંગ એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી એન્ડ ફાઈનાન્સીયલ સસ્ટેનેબલ–વર્મી કમ્પોસ્ટ | સ્કોચ સ્માર્ટ સીટી એવોર્ડ(ઓર્ડર ઓફ મેરીટ્સ) |
| (૩) | ઈન્સ્ટોલેશન એન્ડ પ્રમોશન ઓફ એજયુકેશન ઓફ રૂફટોપ ગ્રીડ કનેકટેડ સોલર પ્લાન્ટ્સ થ્રુ નેટ મીટરીંગ ઈન સુરત | સ્કોચ સ્માર્ટ સીટી એવોર્ડ(ઓર્ડર ઓફ મેરીટ્સ) |

**(બ) ટોપ–૫૦ સ્વચ્છ ભારત પ્રોજેકટ્સ ઈન ઈન્ડીયા**

| | | |
|---|---|---|
| (૧) | સ્લમ રીહેબીલીટેશન | સ્કોચ સ્વચ્છ ભારત એવોર્ડ(ઓર્ડર ઓફ મેરીટ્સ) |

**(ક) ઉપરોકત વિગતના એવોર્ડસ ઉપરાંત નીચેની વિગતના ત્રણ એવોર્ડસ સુરત મહાનગરપાલકાને પ્રાપ્ત થયેલ છે.**

| | | |
|---|---|---|
| (૧) | સ્લમ રીહેબીલીટેશન | સ્કોચ સ્વચ્છ ભારત એવોર્ડ(સિલ્વર) |
| (૨) | વોટર કન્ઝર્વેશન ઈન વોટર સપ્લાય સિસ્ટમ(વેલજીભાઈ) | સ્કોચ સ્માર્ટ સીટી એવોર્ડ(સિલ્વર) |
| (૩) | કન્ફર્ડ ધીસ હાઈએસ્ટ ઈન્ડીવીડયુઅલ ઓનર ઈન ઈન્ડીયા ઓન ૮–૯ સપ્ટેમ્બર ૨૦૧૭ એટ ન્યુ દિલ્હી | સ્કોચ સ્વચ્છ ભારત એવોર્ડ(સિલ્વર) |

સ્કોચ ગ્રુપ દ્વારા ઉપરોકત વિગતના સાત એવોર્ડ તા.૦૮ તથા ૦૯ સપ્ટેમ્બર–૨૦૧૭ ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ એક સમારંભમાં એનાયત કરવામાં આવેલ છે.

તા.૦૫/૦૯/૧૭નાં રોજ "ટીચર્સ ડે" નિમિત્તે માહે સપ્ટેમ્બર તા.૦૧ થી ૧૫/૦૯/૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૦૫/૦૯/૧૭નાં રોજ "ટીચર્સ ડે" નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૦૯/૦૯/૧૭નાં રોજ શૌચાલય જાગૃતિ દિવસમાં અભિયાન અંતર્ગત શૌચાલય ઉપયોગ સંબંધિત બાબતોથી શાળાનાં વિદ્યાર્થીઓને અવગત કરવા તથા ગંદા પાણીનાં અસરકારક નિકાલની વ્યવસ્થા અંગે ચર્ચા કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૯/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આરોગ્ય વિભાગમાં સુપરવાઈઝર સ્ટાફની ટીમો બનાવી ઝોનમાં આવેલ શાળાઓમાં આ ટીમ દ્વારા શાળામાં અભ્યાસકર્તા વિદ્યાર્થી/શિક્ષકગણને એકત્રિત કરી શૌચાલયનાં ઉપયોગ સંબંધિત તથા ગંદા પાણીનાં નિકાલ કરવા માટેની વ્યવસ્થા બાબતે બાળકો/ શિક્ષકગણને વિસ્તૃત સમજ/આરોગ્યલક્ષી શિક્ષણ અંગે માહિતગાર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ.

| સ્કુલની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | શિક્ષકો/કર્મચારીની સંખ્યા | સુપરવાઈઝર |
|---|---|---|---|
| ૪૯ | ૧૩૨૩ | ૯૮ | ૪૯ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. [illegible] 0518

તા.૧૩/૦૯/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે માહે સપ્ટેમ્બર તા.૦૧ થી ૧૫/૦૯/૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવા બાબત.-

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૧૦/૦૯/૧૭નાં રોજ શાળાની આજુબાજુનો વિસ્તાર અને ગામની સામુહીક સ્વચ્છતા તથા રેલીનું આયોજન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૦/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા સુપરવાઈઝરની ટીમ બનાવી ઝોનમાં આવેલ તમામ સરકારી/અર્ધસરકારી સ્કુલોમાં આ ટીમ દ્વારા શાળાની આજુબાજુનો વિસ્તારમાં આવેલ શેરી/મહોલ્લો/સોસાયટીઓમાં સામુહીક સ્વચ્છનાં કાર્યક્રમોનાં ભાગ રૂપે શાળાઓમાં વિધાર્થીઓ સાથે રેલીનું આયોજન કરી રેલી દ્વારા નાગરીકોમાં જનજાગૃતિ લાવવા અને બહોળો પ્રચાર-પ્રસાર કરવામાં આવેલ હતો. ત્યારબાદ શાળાઓની આજુબાજુ આવેલ શેરી/મહોલ્લો/સોસાયટી વિસ્તારોમાં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી કરાવી કચરો-કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ.

| રેલીની સંખ્યા | શાળાઓની સંખ્યા | શિક્ષકગણ/ વિધાર્થીઓ | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| ૩ | ૩૩ | ૪૬૯ | ૨૭ | ૭૮ | ૨.૭૦૦ | ૪૭૫ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

સમાચાર યાદી નં. 0519
તા.૧૩/૦૯/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે માહે સપ્ટેમ્બર તા.૦૧ થી ૧૫/૦૯/૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
### પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૧૧/૦૯/૧૭નાં રોજ શાળાઓમાં સ્વચ્છતા પ્રવૃતિઓ માટે ફોટોગ્રાફસ, ચિત્ર, કાર્ટુન અને સ્લોગનો શાળાઓનાં નોટીસ બોર્ડ પર નોટીસ મુકાવી વાલીઓ/સમુદાયનાં સભ્યોને પ્રદર્શન એવા આમંત્રિત કરવા તેમજ સ્થાનીક સહયોગથી મીડીયા,ઈલેકટ્રોનિકસ અને પ્રિન્ટ મીડીયા દ્વારા જાહેરાત આપી જાગૃતિ લાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૧/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનમાં આવેલ શાળાઓમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા આચાર્યશ્રી/વહીવટકર્તાઓનો સંપર્ક કરી સ્વચ્છ શાળા પ્રદર્શન દિન નિમિતે શાળાઓમાં સ્વચ્છતા પ્રવૃતિઓ માટે ફોટોગ્રાફ, ચિત્ર, કાર્ટુન અને સ્લોગનો શાળાનાં નોટીસ બોર્ડ પ્રસિધ્ધ કરાવી વાલીઓ/જનસમુદાયનાં સભ્યોને પ્રદર્શન જોવા માટે આમંત્રિત બાબતે આયોજન કરવામાં આવેલ આ પ્રદર્શનમાં આવેલ આમંત્રિત મહેમાનોને સ્વચ્છતા બાબતે પ્રચાર–પ્રસાર અને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ/જાણકારીઓ આપવામાં આવેલ હતી. ત્યારબાદ સ્થાનિક મીડીયા, ઈલેકટ્રોનિકસ અને પ્રિન્ટ મીડીયા ઉપર "સ્વચ્છ સુરત–સ્વસ્થ સુરત" બાબતે જાહેરાત કરી જનજાગૃતિનો પ્રચાર–પ્રસાર કરવામાં આવ્યો હતો.

| સ્કુલની સંખ્યા | વિધાર્થીઓની સંખ્યા | શિક્ષકો/કર્મચારીની સંખ્યા | સુપરવાઈઝર |
|---|---|---|---|
| ૪૯ | ૨૯૩૫ | ૫૭૮ | ૨૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0 5 2 0

તા.૧૩/૦૯/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે માહે સપ્ટેમ્બર તા.૦૧ થી ૧૫/૦૯/૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે સરકારશ્રી દ્વારા તા.૧૨/૦૯/૧૭નાં રોજ સ્વચ્છ પાણી દિવસ નિમીતે સંગ્રહીત પાણીની ચકાસણી કરાવવી તેમજ શાળા/સંસ્થા દ્વારા સામુહીત ભાગીદારીનું આયોજન કરી ચોખ્ખુ પાણી પીવા બાબતે પ્રોત્સાહીત આપી પાણીજન્ય રોગોથી કુદરતી રીતે રેતી/ફટકડી દ્વારા પાણી સ્વચ્છ કરવા માટેનું અભિયાન હાથ ધરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૨/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય/એન.જી.ઓ./સ્થાનીક સંસ્થાનાં સભ્યોની ટીમો બનાવી આ ટીમ દ્વારા ઝોનમાં આવેલ શાળાઓમાં પીવાનાં પાણીની બનાવવામાં આવેલ ટાંકીમાં સંગ્રહીત કરેલ પાણીનું બેકટરોલોજીકલ ટેસ્ટ કર્યાબાદ તેઓને સ્વચ્છ પાણી પીવા માટે આરોગ્યલક્ષી/શિક્ષણ અને સમજ આપી પાણીજન્ય રોગોથી બચવા માટેનું જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ. ત્યારબાદ પાણી સ્વચ્છ કરવા માટે રેતી/ફટકડીનો ઉપયોગ કરવા બાબતની દેશી પધ્ધતિનો અમલ કરી પાણીની કુદરતી રીતે સ્વચ્છ રાખવા માટેનો પણ જનજાગૃતિ પ્રચાર–પ્રસાર જનસમુદાયમાં કરવામાં આવેલ.

| સ્કુલની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | શિક્ષકો/કર્મચારીની સંખ્યા |
|---|---|---|
| ૬૯ | ૧૬૮૫ | ૪૨ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0521

તા.૧૩/૦૯/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૫૨૨

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને તથા વિમાની સેવાનો ઉપયોગ કરતા મુસાફરોને સુરત એરપોર્ટથી જાહેર પરિવહનની સુવિધા મળી રહે તે હેતુથી તા. ૧૩/૦૯/૨૦૧૭ થી બી.આર.ટી.એસ. બસની શટલ બસ સેવા મા. ડે. મેયરશ્રી શંકરભાઇ ચેવલીના વરદ્ હસ્તે ફ્લેગ ઓફ કરી શુભારંભ કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાના મા. કમિશનરશ્રી એમ. થેન્નારસન, નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા ચેરમેનશ્રી(જાહેર પરિવહન કમિટી) શ્રી અનિલભાઇ ગોપલાની, ડે.કમિશનરશ્રી એમ. નાગરાજન ઉપસ્થિત રહેલ હતા. હાલમાં સુરત એરપોર્ટ થી ONGC કોલોની સુધી બસ શરૂ કરવામાં આવેલ છે. સુરત એરપોર્ટ ઉપર હાલમાં વિવિધ શહેરો સાથે વિમાની સેવા સંકળાયેલ છે જેથી આ તમામ ફ્લાઇટોના મુસાફરોને સુરત એરપોર્ટ થી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળી રહે તે માટે સદરહુ બસ સેવા શરૂ કરવામાં આવેલ છે.

હાલમાં આ બસ સેવા સુરત એરપોર્ટ થી ONGC કોલોની સુધી કાર્યરત કરવામાં આવેલ છે જ્યાંથી શહેરના વિવિધ વિસ્તારો જેવાં કે SVNIT કોલેજ, VNSGU યુનિવર્સીટી, સીટીલાઇટ રોડ, અલથાણ-ભરથાણા, પાંડેસરા, ઉન, ભેસ્તાન, સચીન જી.આઇ.ડી.સી., યુનિક હોસ્પિટલ, ખરવરનગર, ઉધના દરવાજા, પર્વત પાટીયા, પૂણા, સારોલી, સુરત રેલ્વે સ્ટેશન, સરથાણા, કામરેજ, વરાછા, હિરાબાગ, ગજેરા સર્કલ, કોસાડ વિગેરે કે જ્યાં બી.આર.ટી.એસ. બસની સુવિધા હાલમાં કાર્યરત છે ત્યાં બી.આર.ટી.એસ. ઇન્ટરચેન્જ બસ સ્ટેશન ઉપરથી બસ બદલીને સરળતાથી પહોંચી શકાશે. શહેરીજનોના બસ સેવાના ઉપયોગને ધ્યાને લઇ ભવિષ્યમાં શહેરના બાકી રહેતા વિસ્તારો સાથે સુરત એરપોર્ટને સાંકળતી બસ સેવા શરૂ કરવામાં આવશે.





તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિત્તે માહે સપ્ટેમ્બર તા.૦૧ થી ૧૫/૦૯/૧૭ દરમ્યાન સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે સપ્ટેમ્બર ૨૦૧૭ની તા.૦૫/૦૯/૧૭નાં રોજ **"ટીચર્સ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૩/૦૯/૧૭નાં રોજ "સ્વચ્છ પાણી સંગ્રહ દિવસ" નિમીતે પાણીને સ્વચ્છ બનાવવા માટે વાપરવામાં આવતા મટીરીયલ બાબતે માહીતી આપવી તેમજ શાળા વિદ્યાર્થી/શિક્ષકગણને પાણીનો સંગ્રહ કરવા માટેનું આયોજન વિષે માહિતી આપવા.

જે અંતર્ગત તા.૧૩/૦૯/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય વિભાગની ટીમો બનાવી આ ટીમ દ્વારા ઝોનમાં સ્વચ્છ પાણી સંગ્રહ નિમીતે શાળાઓમાં શિક્ષક/વિદ્યાર્થીગણને સમુહમાં એકત્રિત કર્યાબાદ પાણીને સ્વચ્છ કરવા બાબતની પધ્ધતિ તથા તેમાં વપરાશમાં લેવાતા મટીરીયલનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે. તે બાબતની જાણકારી/માહિતીઓ આપ્યા બાદ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવેલ. વધુમાં પાણી સંગ્રહ કરવા બાબતનું આયોજન કરવા જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવેલ.

| સ્કુલની સંખ્યા | વિદ્યાર્થીઓ | સુપરવાઈઝર | શિક્ષકો |
|---|---|---|---|
| ૮૫ | ૨૯૬૦ | ૮૫ | ૧૬૩ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૬દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૭ નાં ૧૦ મેડીકલ કેમ્પ મળી કુલ ૧૩૨ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૭નો અગિયારમો મેડીકલ કેમ્પતા.૧૭/૦૯/૨૦૧૭ને રવિવારનાં રોજ લિંબાયત શહેરી આરોગ્ય કેન્દ્ર,મારૂતિનગર ચાર રસ્તા, લિંબાયત, સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્ય વિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

# :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ નિમિત્તે ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર સ્પર્ધાઓ''

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન નવરાત્રિ પર્વોત્સવ નિમિત્તે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ**

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ નિમિત્તે તા.૨૧/૦૯/૨૦૧૭ થી તા.૩૦/૦૯/૨૦૧૭ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં **તા.૨૩/૦૯/૨૦૧૭ના રોજ આંતરશાળા ગરબા સ્પર્ધા તથા તા.૨૮/૦૯/૨૦૧૭ના રોજ શેરીગરબા સ્પર્ધા**નું આયોજન સાંજે ૭.૩૦ કલાકે કરવામાં આવેલ છે. આંતરશાળા ગરબા સ્પર્ધામાં સુરત શહેરની શાળાઓ તથા શેરી ગરબા સ્પર્ધામાં સુરત શહેરની મહિલા સંસ્થાઓની બહેનો, શેરીની બહેનો તથા શિક્ષકવૃંદ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

# પ્રેસ નોટ

સાઉથ ઝોન (ઉધના) ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૧૩/૦૯/૨૦૧૭ ના રોજ પાંડેસરા જી. આઈ. ડી. સી. ખાતે આવેલ પ્રીમીયર આર્ટ સીલ્ક પ્રોસેસર્સ પ્રા. લી. ના બે યુનિટોને મિલકત વેરાના કુલ ૩૮,૦૦,૦૦૦થી વધુ વેરો બાકી હોય, સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આથી સાઉથ ઝોન (ઉધના)ના કરદાતાઓને તેઓના બાકી વેરા ભરપાઈ કરવા તાકીદ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0526
તા.૧૪-૯-૨૦૧૭

૯૨૭

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૮/૦૯/૨૦૧૭ થી તા.૧૪/૦૯/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૪૨૧૯ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૬૭ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૩૦ |
| ૪ | મેજર ઓપરેશન | ૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૩૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૦ |

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા
## " સશસ્ત્ર સેના ધ્વજદિન "
## <u>સમગ્ર સુરત જિલ્લામાં સુરત મહાનગરપાલિકાને પ્રથમ ઈનામ</u>

દેશની સરહદોનું રાત–દિવસ ખડે પડે ઉભા રહી રક્ષણ કરતા સૈનિકો, માજી–સૈનિકો, સ્વર્ગસ્થ સૈનિકો / સ્વર્ગસ્થ માજી–સૈનિકોના ધર્મપત્નીઓ અને તેઓના આશ્રિતોના કલ્યાણ અને પુનર્વસવાટ માટે દર વર્ષ ૭ મી ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.

સને–૨૦૧૬–૧૭ ના વર્ષ માટે જીલ્લા કક્ષાએ દેશ સેવાની એક ઉમદા કામગીરી કરી સૌથી વધુ ફાળો એકત્રિત કરવા બદલ સુરત મહાનગરપાલિકાને ' **પ્રથમ ઈનામ** ' પ્રાપ્ત થયેલ છે. જે બદલ સુરત મહાનગરપાલિકાને ફરતું શીલ્ડ, કાયમી શીલ્ડ તથા પ્રશંસાપત્ર જિલ્લાં સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સુરત તરફથી તા.૧૫/૦૯/૨૦૧૭ નાં રોજ માન.કલેકટરશ્રી, સુરત જિલ્લાનાં હસ્તે એનાયત કરવામાં આવેલ. આ ઉમદા કાર્યમાં સુરત મહાનગરપાલિકાના તમામ અધિકારી અને કર્મચારીગણના તન, મન, ધનના સહયોગથી સુરત મહાનગરપાલિકા સૌથી વધુ ફાળો એકત્ર કરી છેલ્લા પંદર વર્ષથી સતત પ્રથમ સ્થાન મેળવી રહેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0528
તા.૧૫-૦૯-૨૦૧૭

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા
## પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમનં.૩૦(રાંદેર)માં મોરાભાગળ પાસે સુભાષ ગાર્ડનની સામે જોગીવાડ તરીકે ઓળખાતી ઝુંપડપટ્ટી / વસાહત / ૪૫.૭૨ મી.ના ટી.પી.રસ્તા ઉપરાંત ફા.પ્લોટ નં.૧૫૯ કે જે સરકારી માલિકીનો છે તેની અસરમાં આવતી હતી. આ ઝુંપડાપટ્ટીને લીધે રસ્તા પરના દબાણો વધતાં હતા. જેના લીધે રસ્તા પરનાં ટ્રાફિકની સમસ્યા પેદા થતી હતી. ઉપરાંત આ ઝુંપડાપટ્ટીને લીધે રસ્તા પર ગંદકી ફેલાતી હતી. આ સમસ્યાનું નિરાકરણ અત્યંત જરૂરી હોય, જે જગ્યા પર વસતા કુલ–૧૮ ઝુંપડાને આજરોજ રાંદેર ઝોનનાં શહેર વિકાસ ખાતા તથા દબાણના સ્ટાફ ધ્વારા દૂર કરી રસ્તા / સરકારી જગ્યા પૈકીની આશરે ૭૦૦૦.૦૦ ચો.ફૂટ જેટલી જમીન ખુલ્લી કરી તેનો કબ્જો લેવામાં આવેલ છે. તેમજ આ જગ્યાને જે.સી.બી.મશીન ધ્વારા લેવલીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ ૧–ડેપ્યુટી ઈજનેર, ૪–આસી.ઈજનેર / જુની ઈજનેર, ૩–સુપરવાઈઝર, ૧–વિડિયો ગ્રાફર, ૧–ફોટોગ્રાફર, કુલ–૨૦ બેલદાર, કુલ ૨–નંગ મઝદા ગાડી, ૧–જે.સી.બી. તથા રાંદેર ઝોનનો શહેરી વિકાસ નો સ્ટાફ તથા દબાણના સ્ટાફ સહિત કોઈપણ અણબનાવ ન બને તે માટે ચુસ્ત પોલિસ બંદોબસ્ત સાથે સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૫/૦૯/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

➢ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૫(અઠવા–ઉમરા), ફા.પ્લોટ નં.૨૭૭ વાળી ભોંયતળિયા + બે માળવાળી આશરે ૧૧ મી.×૩૪ મી.ના માપ વિસ્તારની ધવલગીરી લો–રાઈઝ બિલ્ડીંગના નામે ઓળખાતી મિલ્કતનાં ભાગ ખુબ જર્જરીત અને બિસ્માર થવાથી સદરહુ મિલ્કતનાં માલિક/મિલ્કતદારો શ્રી ધવલગીરી એસોસીએશનનાને ધી બી.પી.એમ.સી.એકટ–૧૯૪૯ ની કલમ–૨૬૪ તથા ૨૬૮ હેઠળ મિલ્કત ખાલી કરાવી સીલ મારવામાં આવેલ તેમજ સદરહુ મિલ્કતનાં કારણે કોઈ અકસ્માત થાય તો રસ્તે આવન જાવન કરનારાઓનાં જાનમાલને નુકશાન થવાની શકયતાને ધ્યાને લઈ વારંવાર નોટીસો પાઠવવામાં આવેલ, જે દરમ્યાન મિલ્કતદારોએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાવા પ્રકરણ કરેલ. જેનો નિકાલ થતાં ફરી નોટીસ પાઠવવામાં આવેલ તેમ છતાં તેમનાં દ્વારા કોઈ કાર્યવાહી હાથ નહીં ધરાતા આજરોજ સુરત મહાનગરપાલિકા દ્વારા મિલ્કતદારોનાં ખર્ચે અને જોખમે ઉતારી પાડવાની કામગીરી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ તેમજ સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.




200

# <u>પ્રેસનોટ</u>

## <u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૨(ઉધના) ફા.પ્લોટ નં.૨, રે.સ.નં.૨૧૧ પૈકી બ્લોક નં.૧૬ પ્લોટ નં.૧, અમૃતપાર્ક કો.ઓ.હા.સોસાયટી(અમૃતનગર)ઉધના, સુરતવાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના આર.સી.સી.બાંધકામ કરતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૧૫/૦૯/૨૦૧૭** ના રોજ આશરે ૧૮૭૫ ચો.ફુટ માપ વિસ્તારમાં સેન્ટ્રીગ–શટરીંગ તથા ૯૬૦ ચો.ફુટ માપ વિસ્તારમાંથી આર.સી.સી.સ્લેબનું તેમજ આશરે ૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતરની દિવાલો સહિતનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે ૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

## પ્રેસનોટ

## શેલ્ટર્સ ફોર અર્બન હોમલેસ

સુરત શહેરએ સમગ્ર ભારત તેમજ વિશ્વમાં ડાયમંડ તથા ટેક્ષટાઈલ ક્ષેત્રે નામના પ્રાપ્ત કરી છે. સદર ઔધોગિક વિકાસના પગલે સુરત શહેરમાં મોટા પ્રમાણમાં લોકો રોજગારીની શોધમાં સ્થળાંતર કરે છે. જયારે આ પ્રકારના ભારત દેશના સુદૂર વિસ્તારોમાંથી સ્થળાંતરીત થાય છે ત્યારે સુરત શહેરમાં વૈકલ્પિક રહેઠાણના અભાવે બીનઆરોગ્યપ્રદ અવસ્થામાં તેઓ ઓપન પ્લોટ, ફુટપાથ જેવી જગ્યાઓમાં રહેતા હોય છે. જેના કારણે આરોગ્યલક્ષી પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે તેમજ માનવતાની દષ્ટિએ પણ યોગ્ય જણાતું નથી.

કેન્દ્ર સરકારે નેશનલ અર્બન લાઈવલીહુડ મીશન અંતર્ગત શહેરી વિસ્તારમાં ઘરવિહોણા લોકોને આરોગ્યપ્રદ તેમજ પાયાની જરૂરી સુવિધાયુકત રહેઠાણ મળી રહે તે માટે શેલ્ટર ફોર અર્બન હોમલેસ સ્કીમ શરૂ કરેલ છે. જે અંતર્ગત શહેરી ઘરવિહોણા લોકો કે જેમાં સ્ત્રી, પુરૂષો, આશ્રિત બાળકો, વૃધ્ધો, અપંગ, માનસિક રીતે બીમાર લોકોનો સમાવેશ થાય છે. તેઓને પાણી, સફાઈ, રક્ષણ અને સલામતી મળી રહે તેવા હેતુસર આ યોજના શરૂ કરવામાં આવેલ છે. સદર નેશનલ અર્બન લાઈવલીહુડ મીશન અંતર્ગત શેલ્ટર ફોર અર્બન હોમલેસ સ્કીમમાં આશ્રયસ્થાનના બાંધકામ તથા તેના ૫ વર્ષના ઓપરેશન અને મેઈન્ટનન્સની તમામ રકમની ગ્રાંટ આપવામાં આવે છે. જેમાં કેન્દ્ર સરકાર તરફથી ૬૦% તેમજ રાજય સરકાર તરફથી ૪૦% ગ્રાંટ ફાળવવામાં આવે છે.

આ બાબતે સુરત મહાનગરપાલિકા તરફથી અઠવાઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર), ફા.પ્લોટ નં.૨૬ તેમજ ઉધનાઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૨૧ (ભેસ્તાન), ફા.પ્લોટ નં.૨ ખાતે શહેરી ઘરવિહોણા લોકોને આશ્રય પુરો પાડવા માટેના ડી.પી.આર. રાજય સરકારશ્રીમાં રજૂ કરવામાં આવેલ. જેમાં ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર), ફા.પ્લોટ નં.૨૬ ખાતે ૩૭૬ તેમજ ટી.પી.સ્કીમ નં.૨૧ (ભેસ્તાન), ફા.પ્લોટ નં.૨ ખાતે ૫૨૮ ઘરવિહોણા લોકોનો સમાવેશ થઈ શકશે. સદર ડી.પી.આર. ને તા.૧૫/૯/૨૦૧૭ ના રોજ ગાંધીનગર ખાતે મળેલ પ્રોજેકટ સેન્કશનીગ કમીટી તરફથી મંજુરી આપવામાં આવેલ છે.

ઉપરોકત બંને આશ્રયસ્થાનના બાંધકામ તથા ઓપરેશન માટે સુરત મહાનગરપાલિકા તરફથી કુલ ૨૪.૯૮ કરોડનો ડી.પી.આર. રજુ કરવામાં આવેલ. જેને મંજુરી મળતા કેન્દ્ર સરકાર તરફથી ૧૪.૯૮૨ કરોડ તથા રાજય સરકાર તરફથી ૯.૯૮૮ કરોડ મળી કુલ રૂ. ૨૪.૯૮ કરોડની ગ્રાંટ મળશે.

ઉપરોકત બંને આશ્રયસ્થાનો ડોરમેટરી, ફેમીલી રૂમ, ટોઈલેટ/બાથરૂમ, કપડા ધોવા તથા સુકવવાની જગ્યા, ફીલ્ટર થયેલ પાણીની સુવિધા, પાર્કીગ, ગેસ લોકેશન સાથેનું કીચન જેવી સુવિધા પુરી પાડવામાં આવશે. આશ્રય સ્થાનોમાં રહેતા વ્યકિતઓને પલંગ,ગાદલા, ચારસા, બેડશીટ, ધાબળા, લોકર જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવશે. વધુમાં સદર આશ્રયસ્થાનોમાં લાઈટ, પંખા જેવી સુવિધાઓ સહિત પુરતો હવા ઉજાસ ધરાવતા

આરોગ્યપ્રદ રૂમો પુરા પાડવામાં આવશે. તેમજ સલામતીને ધ્યાને લઈ CCTV કેમેરા પણ રાખવામાં આવશે. તેમનું આરોગ્ય જળવાય રહે તે માટે હેલ્થ ચેક અપ રૂમ તથા નાના બાળકો માટે ઘોડીયા ઘર સુવિધા પણ પુરી પાડવામાં આવશે. આશ્રયસ્થાનોમાં રહેતા વ્યકિતઓના બાળકો અભ્યાસ કરી શકે તે માટે આંગણવાડી તથા પ્રાથમિક શાળા સાથે સંકલન કરવામાં આવશે.

વધુમાં બહારથી સ્થાળાંતરીત વ્યકિતને રોજગારી મળી રહે તે માટે સ્કીલ ડેવલોપમેન્ટની વ્યવસ્થા પણ કરવામાં આવશે. વધુમાં આશ્રય સ્થાનોના દેખરેખ અને સંચાલન માટે મેનેજર, કેર–ગીવર, સફાઈ કામદાર તથા વોચમેનની વ્યવસ્થા રાખવામાં આવશે.

અગાઉ નેશનલ અર્બન લાઈવલીહુડ મીશન અંતર્ગત સુરત શહેરમાં કતારગામ ઝોન, વરાછાઝોન અને લિંબાયત ઝોન મળી કુલ ૩ જગ્યાઓમાં રૂા.૬.૨૨ કરોડના ખર્ચે કુલ ૪૭૪ વ્યકિતઓ માટે આશ્રય સ્થાનો બનાવવા માટેના ડી.પી.આર. મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે સંબંધિત ઝોન કચેરી મારફત ટેન્ડર પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0533
તા. 16-9-2017

\\10.11.3.158\e\KHC\SADAR RAJU 2016 -171.doc

# સુરત મહાનગરપાલિકા
## હાઈડ્રોલિક વિભાગ
## પ્રેસનોટ

**વરાછાઝોન, સેન્ટ્રલઝોન તથા લિંબાયત ઝોનનાં બોમ્બે માર્કેટની સામે આવેલ વિસ્તારમાં પાણી ના સપ્લાય અવરોધાય/ઓછા પ્રેશરથી મળવા બાબત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં વરાછા ઝોન વિસ્તારમાં આવેલ ઉમરવાડા જળ વિતરણ મથક ખાતે કોમન હેડરમાં લીકેજ રીપેરીંગની કામગીરી તા. ૨૦/૦૯/૨૦૧૭ ના રોજ હાથ ધરવામાં આવનાર છે. જેથી વરાછા ઝોન, સેન્ટ્રલ ઝોન તથા લિંબાયત ઝોનનાં બોમ્બે માર્કેટની સામે આવેલ વિસ્તારમાં **તા.૨૦/૦૯/૨૦૧૭ તથા તા.૨૧/૦૯/૨૦૧૭** નાં રોજનો પાણી પુરવઠો અવરોધાય/ઓછા પ્રેશરથી આપવામાં આવશે. જેથી જેની જાહેર જનતાએ તકેદારીપૂર્વક નોંધ લઈ જરૂરી પાણી પુરવઠો મેળવી લેવા વિનંતી. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ આપવામાં આવશે. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0534
તા.16/09/2017

જનસંપર્ક વિભાગ
0535

# <u>પ્રેસનોટ</u>

## <u>રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગનાં અધ્યક્ષ શ્રી મનહર વાલજીભાઈ ઝાલાની સુરત મુલાકાત સંદર્ભે જાહેર નિવિદા</u>

ભારત સરકારશ્રીનાં અંડર સેક્રેટરીશ્રીનાં તા.૧૩/૦૯/૨૦૧૭ નાં પત્રથી મળેલ માહિતી અનુસાર રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગનાં અધ્યક્ષ શ્રી મનહરભાઈ વાલજીભાઈ ઝાલા (ભારત સરકારશ્રીનાં રાજય કક્ષાનાં પ્રધાનનું સ્ટેટસ) તા.૧૯/૦૯/૨૦૧૭ નાં રોજ સાંજે ૦૭:૦૫ કલાક દરમ્યાન વિમાન દ્વારા સુરત મુકામે પધારનાર છે. તેઓશ્રી તા.૨૦/૦૯/૨૦૧૭ થી તા.૨૪/૦૯/૨૦૧૭ નાં સવારે ૦૭:૫૦ કલાક સુધી સુરત / સુરત ડિસ્ટ્રીકટ ખાતે જુદા જુદા કાર્યક્રમોમાં હાજરી આપનાર છે.

માન.અધ્યક્ષશ્રી રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગની સુરતની મુલાકાત દરમ્યાન સુરત મહાનગરપાલિકાને નીચે મુજબની વિગતે સમય ફાળવવામાં આવેલ છે.

(૧) તા.૨૦/૦૯/૨૦૧૭, સવારે ૦૯:૦૦ કલાકે : સુરત ખાતે આવેલ સફાઈ કર્મચારીઓની વસાહતની મુલાકાત.

(૨) તા.૨૦/૦૯/૨૦૧૭, સવારે ૧૦:૦૦ કલાકે : સુરત સરકીટ હાઉસનાં કોન્ફરન્સ હોલ ખાતે સુરત મહાનગરપાલિકાનાં સફાઈ કર્મચારીઓનાં યુનીયન / વેલફેર એસોસીએશનનાં પ્રતિનિધીઓ સાથે, સુરત મહાનગરપાલિકાનાં એસ.સી. મ્યુનિ.સદસ્ય/ સભ્યશ્રીઓ, એસ.સી. એમ.એલ.એ./ એમ.પી./ એન.જી.ઓ. – સામાજીક ન્યાયનાં સભ્યશ્રીઓ સાથે મીટીગનું આયોજન કરવામાં આવેલ છે.

(૩) તા.૨૦/૦૯/૨૦૧૭, સવારે ૧૧:૩૦ કલાકે : સુરત મહાનગરપાલિકા ખાતે મ્યુનિ.કમિશ્નરશ્રી, તમામ વિભાગીય વડાશ્રીઓ / તમામ નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ / પર્સોનેલ ઓફીસરશ્રીઓ (આરોગ્ય–મહેકમ–રીક્રુટમેન્ટ) / સાથે રીવ્યુ મીટીગનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં સફાઈ કામદારોનાં વેલફેર માટેની જુદી જુદી યોજનાઓ/ યોજનાઓનાં અમલીકરણ બાબતે સુરત શહેરમાં મેન્યુઅલ સ્કવેન્જર્સ સંદર્ભે તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબીલીટેશન એકટ–૨૦૧૩ તથા તે બાબતે નામદાર સુપ્રિમ કોર્ટનાં તા.૨૭/૦૩/૨૦૧૪ નાં હુકમ સંદર્ભે તથા સફાઈ કર્મચારીઓને લગતાં જુદા જુદા મુદ્દાઓ તેઓની ફરીયાદ બાબતે ચર્ચા–વિચારણા કરવામાં આવશે.

# સુરત મહાનગરપાલિકા
## આરોગ્ય વિભાગ
## પ્રેસનોટ

શહેરીજનો સુકો અને ભીનો કચરો અલગ કરવા પ્રોત્સાહિત થાય તે હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા એપ્રિલ– મે, ૨૦૧૭ દરમ્યાન એડવાન્સ ટેક્ષ ભરેલ રહેણાંક મિલકતદારોને સુકા અને ભીના કચરાને અલગથી એકત્રિત કરવા ડસ્ટબીન સેટનું વિના–મુલ્યે વિતરણ કરવામાં આવનાર છે. તા.૧૭–૦૯–૨૦૧૭ રવિવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી સાંજે ૦૫:૦૦ કલાક સુધી ડસ્ટબીન વિતરણ કરવામાં આવનાર છે. **લાભાર્થીઓ દ્વારા ડસ્ટબીન લેતી વખતે ઓરીજનલ વેરાબીલ અને આઇ.ડી.પ્રુફની ઝેરોક્ષ લાવવી જરૂરી છે.** તા.૧૮–૦૯–૨૦૧૭ થી ૨૩–૦૯–૨૦૧૭ સુધી ઓફીસ સમય દરમ્યાન પણ વિતરણ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવાવિનંતી.

| ડસ્ટબીન વિતરણના મથકો | |
|---|---|
| **ઉધના ઝોન**<br>પડિસરા સંકલિત વોર્ડ ઓફીસ, પડિસરા હાઉસીંગ રોડ, સુરત | **અઠવા ઝોન**<br>સીનીયર સીટીઝન હોલ, રાજલક્ષ્મી બગ્લોઝ પાસે, નંદીપાર્ક પાછળ, પીપલોદ, સુરત |
| **વરાછા ઝોન**<br>વહીવટી ભવન, વરાછા ઝોન ઓફીસ, લંબે હનુમાન રોડ, સુરત | **કતારગામ ઝોન**<br>સીંગણપોર મલ્ટીપર્પઝ હોલ, સીંગણપોર રોડ, સુરત |
| **રાંદેર ઝોન**<br>રાંદેર ઝોન ઓફીસ, ન્યુ રાંદેર રોડ, તાડવાડી, સુરત | **લિંબાયત ઝોન**<br>લિંબાયત ઝોન ઓફીસ, મોડેલ ટાઉનશીપની પાછળ, સુરત |
| **સેન્ટ્રલ ઝોન**<br>૨–સી, રૂદરપુરા સેનીટેશન વોર્ડ ઓફીસ, મ્યુનિસિપલ શોપીંગ સેન્ટર, રૂદરપુરા, સુરત | |

સુરત મહાનગરપાલિકા વતી સાદર
જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. 0536
તારીખ ૧૬/૦૯/૨૦૧૭